# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૯ તા.૨૦-૨-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- 'માતૃભાષા દિન'ની ઉજવણી કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ન્યુ દિલ્હી દ્વારા પ્રતિવર્ષ ૨૧ મી ફેબ્રુઆરીને 'માતૃભાષા દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેના ભાગરૂપે આવતીકાલે તા.૨૧-૨-૧૮ના રોજ તમામ મ્યુનિ. શાળાઓમાં **'માતૃભાષા દિન'** ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ સંદર્ભે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય.

૧. શાળામાં પ્રાર્થના સભામાં માતૃભાષા દિનની સમજ આપી તે વિષય પર ચર્ચાસભા ગોઠવવી.
૨. વિદ્યાર્થીઓને આપણા દેશમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે તેની સમજૂતી આપવી. વિવિધ પ્રાદેશિક ભાષાઓનું મહત્વ સમજાવવું.
૩. વિદ્યાર્થી પોતાની માતૃભાષા ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓની માતૃભાષા પરત્વે પણ સમજણ કેળવતો થાય અને તેનો આદર કરે તે વિશે સમજૂતી આપવી.
૪. ભારતની તથા આંતરરાષ્ટ્રીયકક્ષાએ વપરાતી વિવિધ ભાષાઓના સંખ્યાજ્ઞાન, અક્ષરલેખન વગેરેનો ટૂંકમાં પરિચય આપતી પ્રદર્શની પણ ગોઠવી શકાય.
૫. શાળા કક્ષાએ નીચે મુજબની સ્પર્ધાઓ પણ યોજી શકાય.
    ૧. વક્તૃત્વ સ્પર્ધા
    ૨. નિબંધ સ્પર્ધા
    ૩. ચિત્ર સ્પર્ધા
    ૪. સંગીત તથા નાટ્ય સ્પર્ધાઓ
    ૫. માતૃભાષા ઉપરનું એક પાત્રીય અભિનય

તમારી શાળામાં માતૃભાષા દિન અંગે કરેલ કાર્યક્રમનો અહેવાલ દિન-૨માં તમારા બીટસુપરવાઈઝરને મોકલી આપશો.

ફોર્મેટ

| ક્રમ | શાળાનું નામ | કાર્યક્રમની કરેલ ટુંકમાં વિગત | ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| | | | |

તા.૨૦-૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી